## શહેરમાં ભાજપ દ્વારા ગાંધીયાત્રા યોજાઈ

# નારાજ પ્રદેશ પ્રમુખે પદયાત્રાના રૂટમાં ફેરફાર કરાવતાં નવ કિ.મી.ની પદયાત્રા થઈ



ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર ઉત્તર વિધાનસભામાં આજે ભાજપ દ્વારા યોજાયેલ સંકલ્પ પદયાત્રામાં નારાજ પ્રદેશ પ્રમુખે છેલ્લી ઘડીએ તેના રૂટમાં ફેરફાર કરવાની સૂચના આપવી પડી હતી.

ગાંધીનગર શહેર એકમ દ્વારા જે પદયાત્રાનો રૂટ નિયત થયો હતો તેના બદલે સે.૨૧માં પ્રવેશેલી પદયાત્રા હાઉસીંગ બોર્ડની વસાહત થઈ એમ.એલ.એ. હોસ્ટેલ થઈ માઉન્ટ કાર્મેલ થઈ સે. ૨૧ના ડીસ્ટ્રીકટ શોપીંગ સેન્ટર થઈ કમલમ્ પહોંચી હતી. આ પછી કમલમ્થી આ યાત્રા વિશ્વકર્મા શોપીંગ થઈ પંચશીલ પાર્કમાંથી નીકળી પુનઃ સે. ૨૨માં પ્રવેશી હતી અને સે. ૨૨માં ડૉ. ચિરાગ જોશીના દવાખાનાથી વાસ્તુનિર્માણ સોસાયટી થઈ ઘ-૬ પહોંચી હતી અને ત્યાંથી ઘ-૫ પરત ફરી હતી.

પદયાત્રાનો માર્ગ અગાઉ ૬ કિ.મી.નો નિયત કરાયો હતો તેના બદલે નવ કિ.મી. પદયાત્રીઓ ચાલ્યા હતા.

આજે પદયાત્રાનો પ્રારંભ પણ નિયત સમય કરતાં મોડો શરૂ થયો હતો. સોશ્યલ મિડિયા અને અન્ય મિડિયામાં ૯.૩૦નો સમય અપાયો હતો પરંતુ પદયાત્રા ૧૦.૨૫ શરૂ થઈ હતી. પદયાત્રાના પ્રારંભ પહેલાં જ પ્રદેશ પ્રમુખ વાઘાણીએ કાઉન્સીલરો તેમજ કાર્યકર્તાઓની પાંખી હાજરી જોઈ મોં મચકોડ્યુ હતુ. સંગઠનના હોદ્દેદારો પણ પુરી સંખ્યામાં હાજર ન હતા.



પદયાત્રા પંચદેવ મંદિર પહોંચી ત્યારે મંદિરના દર્શન બાદ તેમણે વેપારી આગેવાનોના સ્વાગતને સ્વીકાર્યુ હતુ. પદયાત્રાનું ૧૭-૨૨ નજીક સ્વાગત પંચદેવ પાસે સ્વાગત અપના બજાર પાસે, ઘ-૬ નજીક સ્વાગત સ્થાનિક આગેવાનો દ્વારા કરવામાં આવ્યુ હતુ. પદયાત્રા દરમ્યાન સતત ગાંધી ગીતોનો ગુંજારવ તેમજ કોલી દ્વારા સતત કોલનાદ ગુંજતો રહ્યો હતો. નવ કિ.મી.ની આ પદયાત્રા દરમ્યાન સતત પથચલન રહેતાં ઘણા બધાં કાર્યકરો થાકી પણ ગયા હતા. આરંભ વેળાએ આગલી હરોળના નેતાઓ સે. ૨૧ પછી લગભગ ધીમી ગતિએ ચાલતા નજરે પડ્યા હતા તો કેટલાક વાસ્તુ નિર્માણને બદલે સીધા ઘ-૬ પહોંચતા જણાયા હતા.

પદયાત્રાના રૂટમાં ફેરફાર કરવાની સૂચના પ્રદેશ પ્રમુખે આપી ત્યારે આગેવાનોને ટપારતા જણાવ્યુ હતુ કે માત્ર મુખ્ય માર્ગ પર પથચલન નથી વસાહતીઓની વચ્ચે જઈ આપણે ગાંધી-વિચારનો પ્રસરાવવાનો છે. સૂચનાઓ બરાબર વાંચી રૂટ ફાયનલ નથી કર્યો. જો કે સમાપનમાં સૌ કાર્યકર્તાઓને તેમણે બિરદાવ્યા હતા અને લોકોની વચ્ચે રહી લોકોના પ્રશ્નો પર ધ્યાન કેન્દ્રીત કરી લોકોની હાલાકી ઓછી થાય તે જોવા જણાવ્યુ હતુ. તેમણે કહ્યુ હતુ કે કાર્યકર્તા એ પક્ષની કરોડરજ્જુ છે.

# શહેરમાં ઠંડીનો ચમકારો

### પારો ૪ ડિગ્રી ગગડ્યો : વહેલી સવારે અને સાંજે હવે વધુ ઠંડી અનુભવાય છે : લઘુત્તમ તાપમાન ૧૫.૫ ડિ.સે.

ગાંધીનગર, તા. ૧૯

પાટનગરમાં અચાનક જ ઠંડીનો ચમકારો અનુભવાયો છે. છેલ્લા ૪૮ કલાકમાં લઘુત્તમ તાપમાન ૪ ડિગ્રી ગગડ્યુ હતુ. જેના કારણે ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે.

નવરાત્રી બાદથી રાત્રી દરમ્યાન થોડીક ઠંડક અનુભવાતી હતી. જો કે દિવસ દરમ્યાન ગરમી વધુ રહી હતી. વચ્ચે વચ્ચે કમોસમી વરસાદે પણ વાતાવરણમાં ફેરફાર આણ્યો હતો. હવે છેક નવેમ્બર માસના ત્રીજા અઠવાડિયામાં ઠંડી વધી રહી છે. લઘુત્તમ તાપમાન સતત ગગડી રહ્યું છે. ચાર-પાંચ દિવસ અગાઉ લઘુત્તમ તાપમાન ૧૮-૧૯ ડિગ્રીએ સ્થિર રહ્યુ હતુ. તે પછી બે દિવસ અગાઉ પારો ૧૭ ડિગ્રીએ પહોંચ્યો હતો. તે ગઈકાલે સાંજે ૧૫.૫ ડિ.સે. સુધી ગગડી ગયો હતો. બે દિવસમાં જ લઘુત્તમ તાપમાન ૪ ડિગ્રી જેટલુ ગગડતા હવે ખરા અર્થમાં ઠંડી આવી હોય તેવુ લાગી રહ્યુ છે. ગઈકાલે સાંજ પછીથી જ ઠંડી વધવાની શરૂઆત થઈ હતી.

ઠંડીનો ચમકારો દેખાતા ગૃહિણીઓએ ગરમ વસ્ત્રો શોધવા શરૂ કર્યા હતા. વહેલી સવારે શાળાએ જતાં બાળકોને ગરમ વસ્ત્રો પહેરવાની ફરજ પડે છે. વડીલો ઠંડી સાહી શકતા ન હોવાથી તેમના માટે પણ ગરમ વસ્ત્રો અને ધાબળા કાઢવા પડ્યા હતા. ઠંડીની અસરના કારણે શહેરમાં માર્ગો અને બજારો વહેલા સુમસામ થઈ જાય છે. ગરમ વસ્ત્રોના બજારમાં ધીમે ધીમે ઘરાકી જામી રહી છે.

આ વર્ષે છેક દિવાળી સુધી વરસાદી વાતાવરણ રહ્યુ. વરસાદી સિઝન લંબાતા આ વખતે ઠંડીની સિઝન મોડી શરૂ થઈ છે. દેશના ઉત્તરીય પર્વતીય વિસ્તારોમાં બરફ વર્ષાનો પ્રારંભ થયો છે. છેક એશિયાથી યુરોપ સુધીના ઉત્તારીય ભાગોમાં હીમવર્ષા થઈ રહી છે. જેની સીધી અસર ભારતના મેદાની વિસ્તારોમાં જોવા મળી રહી છે. આગામી દિવસોમાં હજુ ઠંડી વધશે. હમણાં પવન સાવ ઓછો છે. પવનની ગતિ વધશે તો ઠંડીનુ જોર પણ વધશે.

## રાજ્યમાં હવે કમોસમી વરસાદ નથી

આ વખતે રાજ્યમાં વરસાદી સિઝન ખૂબ લાંબી ચાલી. છેક જુન મહિનાથી લઈ નવેમ્બર માસના પ્રથમ અઠવાડિયા સુધી મોસમી-કમોસમી વરસાદ વરસતો રહ્યો. આખરે હવે હવામાન વિભાગે જાહેરાત કરી છે કે રાજ્યમાં હવે ક્યાંય કમોસમી વરસાદ નથી.

હવામાન વિભાગના રીજીયોનલ ડાયરેક્ટર જયંત સરકારે સત્તાવાર જાહેરાત કરતાં કહ્યુ છે કે રાજ્યના કોઈ વિસ્તારમાં હવે કમોસમી વરસાદ નથી. આગામી દિવસોમાં પણ વરસાદી ઝાપટાના કોઈ અણસાર દેખાતા નથી. આ વર્ષે અવારનવાર પડેલા વરસાદના કારણે ખેડૂતોને ખૂબ નુકશાન થયુ છે. ખેતરોમાં ઉભેલો પાક પલળી જતાં નુકશાન વેઠવાનો વારો આવ્યો છે. ફળો અને શાકભાજીના ભાવો પણ આ કારણે વધી ગયા છે.

## દબાણોના કારણે રેલવે અન્ડરપાસના પ્રોજેકટનુ કામ ૬ મહિનાથી બંધ

ગાંધીનગર તા ૧૯

શહેરમાં ખ માર્ગ પર રેલવે અન્ડર પાસનુ કામ છેલ્લા ૬ મહીનાથી બંધ છે. આ બ્રિજના નિર્માણ માટે અંદાજિત રૂ ૩૨ કરોડનો તોતિંગ ખર્ચ કરવામાં આવ્યો છે. આમછતા હજુ સુધી આ પ્રોજેકટને અંજામ આપી શકાયો નથી. હજુ આ કામગીરી પુર્ણ થઇ શકી નથી. જેના લીધે આ વિસ્તારમાં અન્ય કામો પણ અટવાયેલા છે.

મહાત્મા મંદિરના પ્રોજેકટને અનુલક્ષી શહેરના ખ માર્ગ પર રેલવે અન્ડર પાસનુ નિર્માણ કરાયુ છે. જયારે આ અન્ડર પાસના નિર્માણને અનુલક્ષી હજુ સુધી કામગીરી પુર્ણ થઇ શકી નથી. અલબત્ત અન્ડર પાસમાં એકબાજુથી એન્ટ્રીના અંતે બીજીતરફ એકઝિટ ન લઇ શકાય તેવી સ્થિતિ સર્જાઇ છે. અન્ડર પાસ કાર્યરત થયા બાદ દાંડી કુટીર તેમજ હોટલને જોડતો નવો રસ્તો મળશે. જયારે વાવોલ ગામને જોડતો પણ નવો રસ્તો મળશે. કલોલ વિસ્તારના ગામોમાંથી ગાંધીનગર અવરજવર કરવા માટે રેલવે ક્રોસિંગ આડશ નહી બને. પરંતુ આ અન્ડપાસનુ કામ હજુ સુધી પુર્ણ થઇ શક્યુ નથી અલબત્ત મોટાભાગનો અન્ડર પાસ તૈયાર છે માત્ર બ્રિજના એક છેવાડામાં સામાન્ય કામગીરી જ બાકી છે. પરંતુ બ્રિજની એકબાજુ દબાણની સમસ્યા હજુ પણ યથાવત હોવાથી હજુ સુધી આ પ્રોજેકટને કાર્યરત કરવામાં વિલંબ થઇ રહ્યો છે. આ વિસ્તારના દબાણો બ્રિજના એક ભાગ માટે આડશ બન્યા છે. જયારે બ્રિજના નિર્માણની બાકી કામગીરી પણ છેલ્લા ૬ મહીનાથી બંધ છે. આ બ્રિજના નિર્માણ માટે અંદાજિત રૂ ૩૨ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે હજુ સુધી આ પ્રોજેકટ લોકઉપયોગી બની શક્યો નથી.

**અન્ડર પાસ કાર્યરત થયા બાદ દાંડી કુટીર તેમજ હોટલને જોડતો અને વાવોલ ગામને જોડતો પણ નવો રસ્તો મળશે**

# શહેર ભાજપના પ્રમુખ બનવા અગ્રણીઓમાં તેજ હિલચાલ

### એચ.એમ. પટેલ, ઉરેન પટેલ, કનુભાઈ દેસાઈના નામો મોખરે

### મહેન્દ્ર પટેલે પણ વધુ એક તક માંગી હોવાની ચર્ચા

ગાંધીનગર, તા. ૧૯

ભારતીય જનતા પક્ષ દ્વારા ચાલી રહેલ સંરચનાની કામગીરીને લઈ ગાંધીનગર શહેર ભાજપના પ્રમુખપદને મુદ્દે કાર્યકરોમાં હલચલ તેજ બની ગઈ છે.

આજે પ્રદેશ પ્રવક્તાએ ૨૨મી નવેમ્બર સુધીમાં આ અંગે દરેક વિસ્તારના કાર્યકરોના મન જાણી લેવા માટે સંરચનાની કામગીરી માટે ચાર ઝોનમાં રાજ્યને વહેંચી દીધુ છે. ઉત્તર ગુજરાત ઝોન માટે વાહન-વ્યવહાર મંત્રી આર.સી. ફળદુ, પ્રદેશ મહામંત્રી કે.સી. પટેલ અને પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાની વરણી કરવામાં આવી છે. તેઓ ૨૨મી સુધીમાં સંગઠનના નવા પ્રમુખની વરણી માટેની પ્રક્રિયા સંપન્ન કરશે.

પ્રદેશમાંથી જાહેરાત થતાં જ શહેર પ્રમુખપદનો હોદ્દો મેળવવા માટે કાર્યકરોમાં હિલચાલ વધુ તેજ બની જવા પામી છે.

કેટલાક કાર્યકરો વર્તમાન પ્રમુખને રિપીટ કરવા માટેની રજુઆત પ્રદેશમાં કરી આવ્યાની વાત આજે પદયાત્રામાં ગણગણાટ રૂપે સાંભળવા મળી હતી. બીજી તરફ આ પદ માટે ઉરેન પટેલ, એચ.એમ. પટેલ, કનુભાઈ દેસાઈ સહિતના નામો ચર્ચામાં છે. જો કે શહેરના સંગઠન પાસે પડકાર મોટો છે જેમાં સંગઠનને મજબુત બનાવવા ઉપરાંત આગામી વર્ષોમાં આવનારી મનપાની સામાન્ય ચૂંટણી પણ મહત્વની છે.

પક્ષના પ્રમુખની રચના માટે કાલે બેઠક મળે તેવી શક્યતાના સંકેતો વચ્ચે આગેવાનોની બેઠકોનો દોર શરૂ થઈ ગયો છે. જો કે બધી ખાનગી બેઠકો થઈ રહી છે. પક્ષના કાર્યકરોની સક્રિયતા વધી જવા પામી છે.

શહેર ભાજપના પ્રમુખપદ માટે અનેક નામો જુદા જુદા વર્તુળોમાં ચર્ચાય છે. પટેલ સમાજમાંથી પસંદગી કરાય તો એચ. એમ. પટેલ, ઉરેન પટેલ, મહેન્દ્ર પટેલ (દાસ) જયારે બ્રહ્મસમાજમાંથી પસંદગી થાય તો આશીષભાઈ દવે, બિપીનભાઈ રાવલ અને રૂચિર ભટ્ટના નામો પણ વિચારણામાં છે. જયારે બક્ષીપંચમાંથી વિચાર કરાય તો કનુભાઈ દેસાઈનું નામ સૌથી મોખરે છે. જયારે અતુલ પટેલ અને સુરેશ મહેતાના નામો પણ ક્યાંક ક્યાંક ચર્ચાય છે.

## આજે મનપાની સામાન્ય સભા

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર મહાનગર પાલિકાની આજે સામાન્ય સભા બપોરે ૧૨.૩૦ વાગે મનપાના સભાખંડમાં મળશે.

મેયર રીટાબેન પટેલની અધ્યક્ષતામાં મળનાર આજની આ બેઠકમાં એક માત્ર એજન્ડા પ્લાસ્ટીક પ્રતિબંધ અંગેના નોટીફીકેશન અને તે અંગેના બનાવાયેલા રૂલ્સને બહાલી આપવાનો છે.

સીંગલ યુઝ પ્લાસ્ટીક પરના પ્રતિબંધને લઈ મનપાએ ૮ હજાર કિલોથી વધુનુ પ્લાસ્ટીક જપ્ત કરી

● અનુસંધાન પાન-૭ પર


## શ્રી પ્રેરણા પ્રગતિ મંડળ

(ગુજરાત નાયી-વાળંદ સમાજ)

શ્રી લિંબચ પ્રેરણા ધામ, રંગમંચ પાસે, સેક્ટર-૧૩, ગાંધીનગર. (ગુજરાત)

### જાહેર વિજ્ઞપ્તિ

ગુજરાત સમાચારના તા. ૧૨/૧૧/૨૦૧૯ના પેપરમાં આવેલ જાહેર વિજ્ઞપ્તિ માટે જણાવવાનું કે, પ્રથમ તો શ્રી જે.પી. નાયી શ્રી પ્રેરણા પ્રગતિ મંડળના ટ્રસ્ટી નથી. તેમજ ડૉ. એ.એસ. નાયીને તા. ૨૨-૧-૧૭ની ટ્રસ્ટી મંડળની મીટીંગમાં ઠરાવ કરી શ્રી પ્રેરણા પ્રગતિ મંડળના ટ્રસ્ટી તરીકેથી ૬ (છ) વર્ષ માટે બરતરફ કરેલ છે. તેઓએ સંસ્થાના લેટરપેડનું (ડુપ્લીકેશન) કલર ઝેરોક્ષ કરીને લેટર પેડનો દુરઉપયોગ કરે છે. જે કાયદાની વિરૂદ્ધ છે. આમ અન-અધિકૃત રીતે બની બેઠેલા પ્રમુખ અને મેનેજીંગ ટ્રસ્ટીના હોદ્દા ગેરકાયદેસરના છે તથા સમાજને ગેરમાર્ગે દોરનાર છે. તથા તેઓ વિરૂદ્ધ સંસ્થાએ કોર્ટમાં કેસ કરેલ છે. તથા પોલીસ સ્ટેશનમાં અરજી આપી જાણ કરેલ છે. તથા શ્રી પ્રેરણા પ્રગતિ મંડળના હાલના કાયદેસરના પ્રમુખશ્રી આત્મારામ મોહનલાલ વાળંદ તથા મંત્રીશ્રી પ્રવિણભાઈ કે. નાયી અને ખજાનચી શ્રી રામાભાઈ આર. નાયી હાલમાં સેવા આપી રહ્યા છે. જે જાણ સારૂ વિનંતી છે.

સહી/-
(પી. કે. નાયી)
મંત્રી
પ્રેરણા પ્રગતિ મંડળ
ગુજરાત નાયી-વાળંદ સમાજ
ગાંધીનગર

સહી/-
(આ.મો. વાળંદ)
પ્રમુખ
પ્રેરણા પ્રગતિ મંડળ
ગુજરાત નાયી-વાળંદ સમાજ
ગાંધીનગર


## ગટર વ્યવસ્થાના પ્રશ્નો અંગે આજે અધિકારીઓની મેયરે બેઠક બોલાવી

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરમાં ગંભીર સ્વરૂપ ધારણ કરી રહેલ ગટર-વ્યવસ્થાને લઈ આજે મેયર રીટાબેન પટેલે તેમની ચેમ્બરમાં સાંજે ચાર વાગે એક ખાસ બેઠક માર્ગ-મકાન વિભાગના અધિકારીઓની બોલાવી છે.

શહેરમાં ઉભરાતી ગટરોની સમસ્યાના મુદ્દે ગઈકાલે કોંગ્રેસ પક્ષે આવેદનપત્રમાં ઉલ્લેખ કર્યો છે. આ ઉપરાંત જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠકમાં પણ આ મુદ્દો ઉઠ્યો હતો અને ૧૫ મિનિટ સુધી ચર્ચાયો હતો.

ગાંધીનગર શહેરની હાલની ગટરલાઈનો ૧૯૬૫ થી ૭૦માં બનાવાયેલી છે અને તેની ક્ષમતા વસ્તીના ભારણને લઈ પુરી થઈ ગઈ છે. આ ફરિયાદો દૂર કરી ગટર વ્યવસ્થા અંગે ટૂંકાગાળામાં શું થઈ શકે તે તેમજ સ્માર્ટસીટી યોજના હેઠળ ગટર વ્યવસ્થાના નવીનીકરણની કામગીરી ઝડપી બને અસરકારક બનાવવા માટેની ચર્ચાઓ કરાશે.

ગાંધીનગરના નવા-જૂના સેક્ટરો તેમજ શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં ગટરોની લાઈનો ચોકઅપ થઈ જવાની સાથે ઉભરાતી હોવાથી દુર્ગંધ ફેલાય છે એટલુ જ નહિ આ પાણીનો નિકાલ ન થતો હોવાથી મચ્છરોનુ ઉત્પત્તિ કેન્દ્ર પણ કેટલાક સેક્ટરોમાં બની ગયેલ છે.

વિપક્ષના આક્રમક વલણ પછી ભાજપ પણ હરકતમાં આવ્યુ છે. આજે મેયરે આ અંગે કમિશનરશ્રી સહિત માર્ગ-મકાન વિભાગના અધિકારીઓને તેમની ચેમ્બરમાં બોલાવી અને ચર્ચા કરવાનો નિર્ણય કર્યો છે. આ બધાને પત્ર પાઠવી અચૂક આયોજનની વિગતો સાથે હાજર રહેવા માટે લખ્યો છે.

# રાંધેજા ચોકડીથી ક્રોસિંગ સુધીના માર્ગનુ રીસરફેસીંગ હાથ ધરાશે

### સાત વર્ષના અંતે ફોરલેન માર્ગનુ ૨ કરોડના ખર્ચે રીસરફેસીંગ કરાશે

ગાંધીનગર તા ૧૯

રાંધેજા ચોકડીથી રેલવે ક્રોસિંગ તરફ જવાના માર્ગનુ રીસરફેસીંગ હાથ ધરાશે. છેલ્લા સાત વર્ષથી આ માર્ગનુ રીસરફેસીંગ કરવામાં આવ્યુ નથી આ ફોરલેન માર્ગ રીસરફેસીંગના અભાવે ઉબડ ખાબડ બન્યો છે. આવા સંજોગોમાં આ રસ્તાનુ કામ હાથ ધરવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે. જેને અનુલક્ષી આ કામગીરી હાથ ધરવા માટે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. ટુંકમાં કામ પણ શરૂ કરી દેવાશે.

શહેરમાં માર્ગ સુધારણાની કામગીરી હજુ પણ અધ્ધરતાલ છે. સેકટરોમાં આંતરિક રસ્તાનુ કામ હજુ સુધી હાથ ધરાયુ નથી. જુના સેકટરોમાં આંતરિક માર્ગોના કામની દરખાસ્ત અટવાઈ છે. જયારે મંજુર કામો પણ હજુ સુધી હાથ ધરાયા નથી. બીજીતરફ જિલ્લામાં માર્ગ સુધારણાના કામોને તબક્કાવાર મંજુરી આપી ઝડપથી હાથ ધરવામાં આવી રહ્યા છે. ગત ચોમાસાના અંતે માર્ગોનુ ધોવાણ થયા બાદ રસ્તાઓનુ સમારકામ પણ યુધ્ધના ધોરણે પુર્ણ કરાયુ હતુ. જયારે હવે વરસાદી દિવસોના અંતે નવા કામો પણ શરૂ કરી દેવામાં આવ્યા છે. રાંધેજા ચોકડીથી રેલવે ક્રોસિંગ તરફના ફોરલેન માર્ગની સરફેસ ઘણાં સમયથી ખરાબ થઈ ગઈ છે. જયારે આ સરફેસને યોગ્ય કરવા માટે તંત્ર દ્વારા ટુંકમાં કામ હાથ ધરાશે. આ માર્ગનુ રીસરફેસીંગ કરવા માટે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર


R K VACATIONS PVT. LTD.

ગોવા 3N- 4D ₹13999

થાઈલેન્ડ 5N- 6D ₹27999

દુબઈ 5N- 6D ₹59999

સિંગાપોર મલેશિયા થાઈલેન્ડ 7N- 8D ₹74999

એર ટીકીટ, હોટલ સ્ટે, બ્રેકફાસ્ટ, ડિનર, એરપોર્ટ ટ્રાન્સફર, સાઈટ સીઈંગ

+91 79 61 61 35 35
+91 79 40 40 35 35

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

સાયન્સસીટી-સોલામાં નવો શો-રૂમ ખુલેલ છે.
હોલસેલ ભાવે વગર મજુરીએ
હોલમાર્ક દાગીના મળશે. (કાયમી ધોરણે)
જુના દાગીનાનું પુરૂ વળતર
N. C. Zaveri (શેરથાવાળા)
GOLD, JADTAR, ANTIQUE, DIAMOND & SILVER.
૮૧૪૧૦૭૫૦૨૫, ૮૭૫૮૬૯૧૩૦૯
શો-રૂમ સમય : બપોરે ૧.૦૦ થી ૬.૦૦ (રવિવારે ચાલુ)
૫૫, સુપર બંગ્લોઝ, સાયન્સ સીટી ગેટ પાસે,
સ્વામિનારાયણ મંદિર પાસે, સોલા, અમદાવાદ.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વૉટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com